# શાળા છોડયાના પ્રમાણપત્ર(એલ.સી.) પર કાઉન્ટર સહી કરવા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે

- કયાં કારણો સર એલ.સી. કાઉન્ટર સહી કરવાની થાય છે તેનો વિગતવાર શાળાનો ભલામણ પત્ર.

  **જેમ કે,** વિદ્યાથીનો જી.આર.નંબર અને યુ.આઇ.ડી.નંબર, ધોરણ, વિદ્યાર્થીનું પુરે પુરૂ નામ, અને કયાં કારણો સર શાળા છોડવામાં આવેલ છે અને કયાં પ્રવેશ લેવાનો છે. જેવી તમામ વિગતો શાળાના પત્રમાં દર્શાવવી.
- અસલ શાળા છોડયાનું પ્રમાણપત્ર(એલ.સી.).
- એલ.સી.ના પાછળના ભાગ પર એલ.સી.માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે. તે મતલબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ આપવાનું રહેશે.
- એલ.સી.ની આગળ અને પાછળની પ્રમાણિત નકલ.
- શાળા જી.આર. ની પ્રમાણિત નકલ.
- શાળા જી.આર.માં સુધારો કરેલ હોઇ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ

**ખાસ સુચનાઃ—**

શાળા છોડયાના પ્રમાણપત્ર(એલ.સી.) પર કાઉન્ટર સહી કરવા માટે શાળાના અધિકૃત કર્મચારી એ જ આવવાનું રહેશે.

સદરહું બાબતે આ કચેરી દ્વારા તા.૩/૪/૨૦૧૮ના રોજ નામ, અટક, જન્મ તારીખ સુધારા તેમજ કાઉન્ટર સહી બાબતે પરિપત્ર કરવામાં આવેલ છે. જે આપની શાળાના **mail id** પરથી અથવા વેબ પોર્ટલ **www.deoahmedabadcity.in** પરથી ડાઉનલોડ કરી લેવા અને તેનું ચૂકત પણે પાલન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેરી વિસ્તાર
અમદાવાદ

Scanned by CamScanner

**ક્રમાંક:** જિશિઅ/સ-૩/પરિપત્ર/૨૦૧૮/220-2256
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અમદાવવાદ (શહેરી વિસ્તાર),
બ્લોકઃ એ, પ્રથમમાળ, બહુમાળી ભવન,
વસ્ત્રાપુર, અમદાવાદ– ૩૮૦૦૫૨.
તારીખ: 03 /૦૪/૨૦૧૮.

# પરિપત્ર

**પ્રતિ,**
આચાર્યશ્રી,
સરકારી, બિન સરકારી અનુદાનિત અને બિન અનુદાનિત,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ.,
અમદાવાદ શહેરી વિસ્તાર, અમદાવાદ.

**વિષયઃ–** શાળાના જનરલ રજીસ્ટરમાં સુધારો કરવાની મંજુરી મેળવવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ કચેરી હસ્તક આવેલ સરકારી, બિન સરકારી અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓના જનરલ રજીસ્ટમાં કરવામાં આવેલ વિદ્યાર્થીની નોંધમાં ફેરફાર/સુધારો કરવાની મંજુરી મેળવવાની દરખાસ્તોમાં ખુબ જ ક્ષતિઓ અને અધુરાશ જોવા મળે છે. અને તે કારણે સમયસર મંજુરી આપવામાં મુશ્કેલી ઉભી થાય છે અને બિન જરૂરી વિલંબ થાય છે તેમજ કચેરીની કામગીરી બેવડાવાથી સમયનો વ્યય થાય છે.

આમ, ન બને તે માટે નીચે મુજબની કાર્ય પદ્ધતી અનુસરવા અમદાવાદ શહેરી વિસ્તારની તમામ શાળાઓને અનુરોધ કરવામાં આવે છે. જેથી કચેરીમાં કામની એક સુત્રતા જળવાય અને કામનો સમયસર નિકાલ થઇ શકે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમોના વિનિયમ ૧૨(ક) મુજબ વિદ્યાર્થીએ જાહેર પરીક્ષા પાસ કર્યા પછી અને ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધમાં કોઈ ફેરફાર કરી શકાતો ન હોઇ આચાર્યશ્રીને શાળાના જનરલ રજીસ્ટરમાં વિદ્યાર્થીની તમામ નોંધ ચોકસાઇ પુર્વક અને સાચી લખાય તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

શાળામાં નવા આપવામાં આવતા પ્રવેશ સમયે વિદ્યાર્થી/ વાલી દ્વારા રજુ કરાતા શાળા છોડયાના પ્રમણપત્ર(એલ.સી.)ની તમામ વિગતો ચકાસી લેવા વાલીને જણાવવું અને એલ.સી.ની તમામ વિગતો ચકાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે. તે મતલબનું જરૂર જણાય તો પ્રમાણપત્ર પણ મેળવી લેવું. જેથી વિદ્યાર્થીને ભવિષ્યમાં મુશકેલી ઉભી ન થાય. તેમજ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે આચાર્યશ્રીએ પણ જી.આર.ની દરેક નોંધની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે. અને જો કોઇ કિસ્સામાં ક્ષતિ જણાય તો પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી મોડામાં મોડા **દિન– ૧૫ માં** આવા વિદ્યાર્થીઓના વાલી પાસેથી નિયત નમુનામાં અરજી મેળવી જરૂરી આધાર પૂરાવાની સંપૂર્ણ ચકાસણી કરી ખરાઇ કરેલ આધારો સાથેની સંપૂર્ણ દરખાસ્ત આ કચેરીને શાળાના જ જાણકાર અને જવાબદાર કર્મચારી સાથે મોકલી આપવાની રહેશે.

શાળાના જનરલ રજીસ્ટર(જી.આર.)માં સુધારો કરવા આ કચેરીનો મંજુરી હુકમ મેળવવામાં એક સુત્રતા જળવાય તે હેતુથી આ મુજબની કાર્ય પદ્ધતી અનુસરવાની રહેશે. જેના માટે દરેક સુધારાની દરખાસ્ત સાથે **(૧)** શાળાનો વિગતવાર ભલામણ પત્ર (જેમા કે, જી.આર. નંબર, વિદ્યાર્થીનું નામ, ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે), **(૨)** જાહેર પરીક્ષા પાસ કરેલ નથી કે શાળા

P.T.O. - 2

Scanned by CamScanner

છોડી દિધેલ નથી તે મતલબનું પત્રમાણપત્ર, (૩) નિયત નમુનામાં અરજી ફોર્મ, (૪) અસલ સોગંદનામુ, (૫) વિદ્યાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, (૬) શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે તેમજ નીચે મુજબની અલગ-અલગ બાબતના સુધાર માટે નીચે જણાવેલ આધારો પણ રજુ કરવાના રહેશે.

**૧. વિદ્યાથીના નામ માં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ-**

વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
સાચા નામ વાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ.
વાલીના પાન કાર્ડ **અથવા** ચુટણી કાર્ડની પ્રમાણિત નકલ **અથવા** વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ
રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.
વિદ્યાર્થીનું પુરૂ નામ બદલવાનું થતું હોઇ તો રાજયપત્રમાં પ્રસિદ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૨. અટક માં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ-**

વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
સાચી અટક વાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ.
વાલીના પાન કાર્ડ અથવા ચુટણી કાર્ડની પ્રમાણિત નકલ
વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.
સંપૂર્ણ અટક બદલવાની થતી હોઇ તો રાજયપત્રમાં પ્રસિદ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૩. પિતાના નામ માં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ-**

વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
પિતાના પાન કાર્ડ અથવા ચુટણી કાર્ડની પ્રમાણિત નકલ
પિતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
પિતાના સાચા નામ વાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ.
રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.
પિતાનું નામ સંપૂર્ણ બદલવાનું થતું હોઇ તો રાજયપત્રમાં પ્રસિદ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૩ (એ). પુનઃ લગ્નના કિસ્સામાં પિતાનું નામ અને અટક બદલવા માટે ઉકત પુરાવા સાથે.**

અગાઉના લગ્નના છૂટાછેડાના કરારની પ્રમાણિત નકલ.
નવા લગ્ન નોંધણીના પ્રમાણ પત્રની પ્રમાણિત નકલ.
નવા પિતાના દત્તક ગ્રહણખત(દત્તક વિધાન)ની પ્રમાણિત નકલ.

**૩ (બી). દત્તક લીધેલ બાળકના કિસ્સામાં પિતાનું નામ અને અટક બદલવા માટે ઉકત પુરાવા સાથે.**

દત્તક લીધેલ બાળકના કિસ્સામાં દત્તક ગ્રહણખત(દત્તક વિધાન)ની પ્રમાણિત નકલ.

**૪. પેટા-જ્ઞાતિ માં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ-**

રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.
પિતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
વિદ્યાર્થીના પિતાના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમણપત્રની પ્રમાણિત નકલ.
તથા વિદ્યાર્થીના પિતાના એલ.સી.ની પ્રમાણિત નકલ. **અથવા**

**Continue.. 3**

Scanned by CamScanner

વિદ્યાર્થીના દાદા/ ભાઇ/ બેન ના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમણપત્રની પ્રમાણિત નકલ. **અથવા**
વિદ્યાર્થીના દાદા/ ભાઇ/ બેન ના એલ.સી.ની પ્રમાણિત નકલ.

**૫. જન્મ તારીખ માં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ–**

વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
સાચા જન્મ તારીખ વાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ.
રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.
વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

**૬. શાળા છોડયાના પ્રમાણપત્ર પર કાઉન્ટર સહી કરવા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશેઃ–**

કયાં કારણો સર એલ.સી. કાઉન્ટર સહી કરવાની થાય છે તેનો વિગતવાર શાળાનો ભલામણ પત્ર.
**જેમ કે,** વિદ્યાથીનો જી.આર. નંબર અને યુ.આઇ.ડી. નંબર, ધોરણ, વિદ્યાર્થીનું પુરે પુરૂ નામ, અને કયાં કારણો સર શાળા છોડવામાં આવેલ છે અને કયાં પ્રવેશલ લેવાનો છે. જેવી તમામ વિગતો શાળાના પત્રમાં દર્શાવવી.
અસલ શાળા છોડયાનું પ્રમાણપત્ર(એલ.સી.).
એલ.સી. ના પાછળના ભાગ પર એલ.સી. માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે. તે મતલબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ આપવાનું રહેશે.
એલ.સી.ની આગળ અને પાછળની પ્રમાણિત નકલ.
શાળા જી.આર. ની પ્રમાણિત નકલ.
શાળા જી.આર.માં સુધારો કરેલ હોઇ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ.

**૭. ધોરણ-૧૦/ ૧૨ ની માર્કશીટ સુધાર માટે નીચેના આધારો સાથે દરખાસ્ત કરવાની રહેશેઃ–**

"દરખાસ્ત બે નકલમાં કરવાની રહેશે"
શાળાનો વિગતવાર ભલામણ પત્ર.
નિયત નમુનાના અરજી ફોર્મ પરિશિષ્ટ-૪, પરિશિષ્ટ-૪(અ), પરિશિષ્ટ-૪(બ).
માર્કશીટ અને સર્ટીની પ્રમાણિત નકલ.
શાળા જી.આર. ની પ્રમાણિત નકલ.
શાળા જી.આર.માં સુધારો કરેલ હોઇ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ.

ઉપરોકત અલગ-અલગ બાબતે સુધારા માટે જણાવેલ આધાર પુરાવાની આચાર્યશ્રીએ ચોકસાઇ પૂર્વક સંપૂર્ણ ચકાસણી કરી સુચવેલ સુધારાને સુસંગત આધોરોની પ્રમાણિત કરેલ નકલો સાથેની સંપૂર્ણ દરખાસ્ત શાળાના જવાબદાર અને જાણકાર કર્મચારી સાથે જ મોકલી આપવાની રહેશે.

ઉપર જણાવેલા આધાર–પુરાવા ઉપરાંત વધુ ચકાસણી અર્થે અન્ય આધારોની જરૂરીયાત જણાય તો રજુ કરવાના રહેશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ ના વિનિયમ નં. ૧૨-ક-(૧) અધિકારીની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા વિના શાળા રજિસ્ટરમાંની નોંધોમાં કંઇ પણ ફેરફાર કરી શકાશે નહિ. આવા કરવામાં આવેલ ફેરફાર માન્ય રહેશે નહિ અને આ અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ ના વિનિયમ નં. ૧૨-ક ની જોગવાઇ અનુસાર વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી કે જાહેર પરીક્ષા પાસ કર્યા પછી શાળા રેકર્ડમાંની

P.T.O. - 4

Scanned by CamScanner

નોંધમાં કોઇ ફેરફાર કરી શકાશે નહી. જેથી આવી કોઇ દરખાસ્તો અત્રેની કચેરીમાં ન રજુ કરતા સબંધિતને ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ સમક્ષ જરૂરી આધાર પુરા સાથે જવાની સલાહ આપવી. જરૂરી સુધારા બાબતે નામદાર કોર્ટના હુકમ થયેથી શાળાએ તમામ આધારો સાથેની દરખાસ્ત આ કચેરીને મોકલી લેખિત મંજુરી મેળવી વિનિયમ નં. ૧૨–ક ની જોગવાઇ અનુસાર માત્ર પ્રમાણપત્ર જ આપવાનું રહેશે.

શાળાએ જનરલ રજીસ્ટરમાં ફેરફાર કરવાના આ કચેરીના મેળવેલ લેખિત મંજુરી હુકમના નંબર અને તારીખ સાથેની નોંધ શાળાના જનરલ રજીસ્ટરમા કરી આચાર્યશ્રીએ સહી કરવાની રહેશે. અને જરૂર જણાય ત્યા આ મંજુરી હુકમની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવવાદ શહેરી વિસ્તાર**
**અમદાવવાદ**

**નકલ રવાના જાણ તથા શાળાને જાણકારી આપવા સારૂ.**

- શિક્ષણ નિરીક્ષકશ્રી, સદર કચેરી, તમામ.
- મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રી, સદર કચેરી, તમામ.

Scanned by CamScanner